**એલ&ટી ફાઈનાન્સ લિમિટેડ**
(અગાઉ એલ&ટી ફાઈનાન્સ હોલ્ડિંગ્સ લિમિટેડ તરીકે ઓળખાતી હતી)
**નોંધણીકૃત કાર્યાલયઃ** એલ&ટી ફાઈનાન્સ લિમિટેડ, વૃંદાવન બિલ્ડિંગ, પ્લોટ નં. 177, કાલીના, સીએસટી રોડ, મર્સિડીઝ શોરૂમની નજીક, સાંતાક્રુઝ (પૂર્વ), મુંબઈ–400 098.
**CIN No.:** L67120MH2008PLC181833
**શાખા કાર્યાલયઃ** સુરત

L&T Finance

## જાહેર સૂચના – મિલકતની હરાજી કમ વેચાણ

એલ&ટી ફાઈનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારી સિક્યુરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ 2002 (54/2002) અને કથિત ધારા હેઠળ આપવામાં આવેલી સત્તાની અજમાયશ કરતાં નિમ્નલિખિત મિલકતો તેનાં લેણાં અને તેની પરનું વ્યાજ, શુલ્ક અને ખર્ચ વગેરે વસૂલ કરવા માટે **''જાહેર ઈ–હરાજી''** થકી **''જેમ છે જ્યાં છે ધોરણે'' અને ''જેમ છે જે સ્થિતિમાં છે''** ધોરણે ઈ–હરાજી કરવા માગે છે. અમે અત્રે કોલ્હાપુર ટાઈમ્સ અને કોલ્હાપુર કેસરીમાં તારીખ 23–4–2024ના રોજ પ્રસિદ્ધ કરેલી અમારી લિલામીની સૂચના પાછી ખેંચી રહ્યા છીએ.

| ઋણદાર અને સહ–ઋણદારનું નામ | સંરક્ષિત મિલકતનું સરનામું | લોન અકાઉન્ટ નંબર(રો) | પ્રત્યક્ષ લીધેલો કબજો | બાનાની રકમ 10% અથવા અનામત કિંમતથી વધુ (₹માં) | 23.07.2024 ના રોજ કુલ બાકી લેણા | અનામત કિંમત (₹માં) | નિરીક્ષણની તારીખ | હરાજીની તારીખ અને સમય |
|---|---|---|---|---|---|---|---|---|
| 1. ગોપાલભાઈ મથુરભાઈ જિંજાળા 2. માનુભાઈ એમ. જિંજાળા | સંપત્તિના ખંડ અને ટુકડાંનું બધાંનું સરનામુંઃ દુકાન નં. 201, બીજો માળ, જેનું માપ 39.84 ચો. મી. કાર્પેટ એરીયા અને 42.30 ચો. મી. બિલ્ટ–અપ એરીયા થવા જાય છે, જેની સાથે 'એમ્પોરિયા બિઝનેસ હબ'માં 23.48 ચો. મી.નો અવિભાજિત હિસ્સો, જે રેવન્યૂ સર્વે નં. 142, બ્લોક નં. 215, ટી. પી. સ્કીમ નં. 62 (ડિંડોલી–ભેસ્તાન–ભેડવાડ), ઓરિજિનલ પ્લોટ નં. 19, ફાઈનલ પ્લોટ નં. 19, મોજે ડિંડોલી, સુરત શહેર ખાતે આવેલ છે. સીમાઓ: પૂર્વે – બ્લોક નં. 213 ધરાવતી જમીન; પશ્ચિમે – ખુલ્લો રોડ; ઉત્તરે – બ્લોક નં. 214 ધરાવતી જમીન; દક્ષિણે – ખુલ્લો રોડ | H1265808 07210323 53/ H1265808 07210254 33/ SRTHL200 00060 | 30 જૂન, 2024 | રૂ. 1,81,431.30 | રૂ. 32,69,173.14 | રૂ. 18,14,313 | તમામ ચાલુ દિવસે અગાથી એપોઈન્ટમેન્ટ મેળવીને સવારે 10.00થી સાંજે 5.30 સુધી | 29–08–2024 સવારે 10થી બપોરે 12.00 વાગ્યા સુધી |
| 1. કિરણકુમાર મેતલિયા 2. માધુભાઈ મેતલિયા | સંપત્તિના ખંડ અને ટુકડાંનું બધાંનું સરનામુંઃ સિટી સર્વે નોંધ નં. 243, જેનું માપ 51.92 ચો. મી. થવા જાય છે, ટી. પી. નં. – 47, એસએમસી ટેનામેન્ટ નં. 29a–01–2695–0–001 – 'પટેલ ફળિયા'માં, મોજે ગામ ભેસ્તાન, સુરત શહેર. | H0080012 06210839 19 & H0080012 06210839 19L | 26 જૂન, 2024 | રૂ. 1,40,184.80 | રૂ. 35,61,328.19 | રૂ. 14,01,848 | તમામ ચાલુ દિવસે અગાથી એપોઈન્ટમેન્ટ મેળવીને સવારે 10.00થી સાંજે 5.30 સુધી | 29–08–2024 સવારે 10થી બપોરે 12.00 વાગ્યા સુધી |

### જાહેર હરાજીના નિયમો અને શરતો

1. ઈ–હરાજી વેચાણ એઈડ અને જાહેર ઈ–હરાજી માધ્યમ થકી સારફેસી એક્ટની જોગવાઈઓ હેઠળ વેબસાઈટ https://sarfaesi.E-auctiontiger.net થકી અધિકૃત અધિકારી દ્વારા ઓનલાઈન હાથ ધરાઈ રહ્યું છે.
2. જાહેર ઈ–હરાજી ઉક્ત ઉલ્લેખિત તારીખ અને સમયે હાથ ધરાશે, જ્યારે ઉક્ત ઉલ્લેખિત સંરક્ષિત અસ્કયામત **''જેમ છે જ્યાં છે ધોરણે'' અને ''જેમ છે જે સ્થિતિમાં છે''** ધોરણે વેચવામાં આવશે.
3. જાહેર ઈ–હરાજી ભાગ લેવા માટે ઈચ્છુક ખરીદદાર/બિડરોએ **28/08/2024** ના રોજ અથવા પૂર્વે પેન કાર્ડ, કંપનીના કિસ્સામાં બોર્ડનો ઠરાવ અને સરનામાના પુરાવાની નકલો સાથે સંરક્ષિત અસ્કયામતોની અનામત કિંમતના 10%ની રિફંડેબલ બાનાની રકમની ચુકવણીની વિગતો સુપરત કરવાની રહેશે.
4. જાહેર ઈ–હરાજીમાં સફળ નહીં થનારા બધા અન્ય બિડરોની બાનાની રકમ એલટીએચએફ દ્વારા જાહેર ઈ–હરાજી બંધ થયાના 7 દિવસમાં રિફંડ કરાશે. બાનાની રકમ પર કોઈ વ્યાજ નહીં અપાશે.
5. સફળ ખરીદદાર/બિડરે તેની/તેમની ઓફરના 25% (બાનાની રકમનો સમાવેશ) ડી.ડી./પી.ઓ.ના રૂપમાં ''એલ&ટી ફાઈનાન્સ લિમિટેડ''ને નામે મુંબઈ ખાતે **29/08/2024** ના રોજ 18:00 કલાકે અથવા તે પૂર્વે, એટલે કે, ઈ–લિલામીના દિવસે અથવા આગામી કામકાજના દિવસ, એટલે કે, **30/08/2024** ના રોજ જમા કરવાના રહેશે, જે ડિપોઝિટ એલ&ટી ફાઈનાન્સ લિમિટેડ દ્વારા પુષ્ટિ કરાશે, જેમાં નિષ્ફળ જતાં વેચાણ નિષ્ફળ થયું છે એવું ધારવામાં આવશે અને કથિત સફળ બિડરની બાનાની રકમ જપ્ત કરાશે. બાકી રકમ, એટલે કે, ખરીદી કિંમતના 75% ખરીદદાર દ્વારા એલ&ટી ફાઈનાન્સ લિમિટેડને સ્થાવર મિલકતના વેચાણની પુષ્ટિના પંદરમા દિવસે અથવા તે પૂર્વે અથવા કાયદાની જોગવાઈ અનુસાર આવા વિસ્તારિત સમયગાળામાં ખરીદદાર દ્વારા ચૂકવવાપાત્ર રહેશે.
6. મિલકતના નિરીક્ષણ અથવા વધુ માહિતી માટે સંભવિત બિડરો સંપર્ક કરેઃ અધિકૃત અધિકારી, એટલે કે, **''નામ – પીયુષ મંદાની, સંપર્ક નં. 9638385255, એલ&ટી ફાઈનાન્સ લિ., ઈકો કોમર્ઝ કોમ્પ્લેક્સ, 3જો માળ, 308થી 311 અને 322થી 326, જી ડી ગોયંકા રોડ, સંગિની અરાઈઝની સામે, વેસુ, સુરત – 395007 અને સંતોષ તિવારી, સંપર્ક નં. 9920490126, એલ&ટી ફાઈનાન્સ લિ., ઓફિસઃ 6ઠ્ઠો માળ, વૃંદાવન બિલ્ડિંગ, પ્લોટ નં. 177, કાલીના, સીએસટી રોડ, મર્સિડીઝ શોરુમ નજીક, સાંતાક્રુઝ (પૂર્વ), મુંબઈ – 400 098.''** ખાતે સંપર્ક કરી શકે છે. ઈ–હરાજીના કોઈપણ તબક્કે અધિકૃત અધિકારી કોઈપણ કારણ આપ્યા વિના અને કોઈપણ પૂર્વસૂચના વિના બિડ/ઓફર સ્વીકારી/નકારી/ સુધારણા/રદ કરી શકે છે અથવા ઈ–હરાજી મોકૂફ રાખી શકે છે.
7. સફળ ખરીદદાર/બિડરે લાગુ કાયદા અનુસાર મિલકત કન્વેયન્સ કરવું/તેના/તેણી/તેમની તરફેણમાં કરાવી લેવા માટે ચૂકવવાનું આવશ્યક કોઈ પણ કાનૂની લેણાં, કર, ચૂકવવાપાત્ર ફી, સ્ટેમ્પ ડ્યુટી, નોંધણી ફી વગેરે ભોગવવાનું રહેશે.
8. ઋણદાર/ગેરન્ટરો, જેઓ કથિત બાકી લેણાં માટે ઉત્તરદાયી હોય, તેમણે આ વેચાણની સૂચનાને ઉક્ત ઉલ્લેખિત જાહેર ઈ–હરાજી વેચાણના હોલ્ડિંગ વિશે સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમોના નિયમ 8 (6) હેઠળ સૂચના તરીકે આ વેચાણ સૂચના ગણવામાં આવશે.
9. ઋણદાર(રો)/સહ–ઋણદાર(રો)/ગેરન્ટર(રો)/ગિરવે મૂકનાર(રો)ને અત્રે કથિત ઈ–હરાજીની તારીખ પૂર્વે ઉક્ત ઉલ્લેખિત આખી લોનનાં બાકી લેણાં ચૂકવી દેવા અત્રે અનુરોધ કરવામાં આવે છે, જેમાં નિષ્ફળ જવા પર એલ&ટી ફાઈનાન્સ લિમિટેડ એસએઆરએફએઈએસઆઈ ધારા 2002માં નિર્ધારિત જોગવાઈઓ અનુસાર મિલકત વેચી નાખશે.
10. ઋણદાર(રો)/સહ–ઋણદાર(રો)/ગેરન્ટર(રો)/ગિરવે મૂકનાર(રો)/જાહેર જનતાનેઅત્રે એલ&ટી ફાઈનાન્સ લિમિટેડની પૂર્વ લેખિત સંમતિ વિના નોટિસમાં સંદર્ભિત સંરક્ષિત અસ્કયામતો અંગે વેચાણ, ભાડાપટ્ટા કે અન્યથા ટ્રાન્સફર નહીં કરવા માટે ચેતવવામાં આવે છે.

**તારીખઃ** 26.07.2024
**સ્થળઃ** સુરત

સહી/–
**અધિકૃત અધિકારી**
એલ&ટી ફાઈનાન્સ લિમિટેડ વતી




સમગ્ર સુરત શહેરમાં વરસાદ ઓછો થતાં જે વિસ્તારોમાં પાણી ઉતરવા લાગ્યા છે ત્યાં સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગની ટીમ પૂર જોશમાં સફાઈ કાર્ય હાથ ધરવામાં આવ્યું છે તેમજ મેડિકલ ટીમ દ્વારા રોગચાળો ન ફેલાય તે માટે સઘન સર્વિલન્સ ની ટીમ કાર્યરત કરવામાં આવી રહી છે.રાંદેર ઝોનમાં આરોગ્ય વિભાગ દ્વારા પાલનપુર હળપતિ વાસ, અવધપુરી સોસાયટી સહિતના વિસ્તારમાં પાણી ઉતરતા મેયર શ્રી દક્ષેશભાઈ માવાણી, ડે.મેયરશ્રી ડો. નરેન્દ્ર ભાઈ પાટીલ, ભાઈ સમિતિ અધ્યક્ષ શ્રી રાજનભાઈ પટેલ, તેમજ ઝોનના ઉચ્ચ અધિકારીઓ સાથે સ્થળ મુલાકાત લઈ આરોગ્ય વિભાગની કામગીરીનું નિરીક્ષણ કર્યું.

# મેઘરાજાએ વિરામ લેતાં સુરત મનપાની સફાઇ-આરોગ્યની ટીમો કામે લાગી

## ખાસ કરીને ખાડી વિસ્તારોમાં યુધ્ધના ધોરણે તંત્રની કામગીરી

**જનાદેશ પ્રતિનિધિ, સુરત :** સુરતમાં ત્રણ દિવસ વરસેલા અનરાધાર વરસાદમાં ખાડીઓ કાંઠા ઓળંગીને ઓવરફ્લો થઈ હતી. ખાસ કરીને સીમાડા ખાડીના પાણી નીચાણવાળા વિસ્તારમાં ફરી વળ્યા હતા. જોકે, આજે વરસાદે બ્રેક લેતાં ખાડી પુરના પાણી ઓસરી ગયા છે.ગઈકાલે જ પાણી ઓસરવાના શરૂ થતા આરોગ્ય વિભાગ, મેયર અને મ્યુનિસિપલ કમિશનર દ્વારા તમામ વિસ્તારોની અંદર ગંદકીને ઝડપથી દૂર કરીને જંતુનાશક દવાઓનો છંટકાવ શરૂ કરવા માટે આદેશ આપી દેવાયા હતા. કતારગામ, પાલ, રાંદેર, અડાજણ, વરાછા સહિતના વિસ્તારોમાં આજે સફાઈની કામગીરી શરૂ કરી દીધી હતી. આજે મેઘરાજાએ વિરામ લેતા પાણી ધીમે ધીમે ઓસરી રહયા છે. જેના કારણે લોકો રાહતનો શ્વાસ લઈ રહયા છે.સાથે જ સ્થિતિ વિકટ ન બની હોવાથી લોકોનું સ્થળાંતર પણ અટકાવી દેવામાં આવ્યું છે. સવારથી લોકો કામ ધંધે પણ નીકળી ગયા છે. ઘરવખરીના પલળી ગયેલો સામાન પણ સુકવવામાં લાગી ગયા છે. સુરત સહિત જિલ્લામાં વહેલી સવારથી જ વરસાદ બંધ છે. જેના કારણે ખાડીપૂરમાં ફસાયેલા લોકોને થોડીક રાહત થઈ છે. જોકે વરસાદની આગાહી યથાવત છે, તેથી હજુ માથે સંકટ તોળાઈ રહયુ છે. સુરતની મધ્યમાંથી પસાર થતી કાકરા, ભેદવાડ અને ભાઠેના ખાડીની સપાટીમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે. જ્યારે મીઠી ખાડીના લેવલમાં કોઈ ઘટાડો થયો નથી. જ્યારે સીમાડા ખાડી હાલ પણ ઓવરફ્લો વહી રહી છે. સીમાડા ખાડી ઓવરફ્લો હોવાના કારણે સીમાડામાં વાલમ નગર સોસાયટી, સરથાણા વ્રજ ચોક, સણિયા હેમાદ, સારોલી ગામ, ભારત કેન્સર હોસ્પિટલ રોડ પર હજુ પણ પાણી ભરાયેલાં છે. મેઘરાજાએ વિરામ લેતા તંત્ર પણ રાહત કામગીરીમાં જોડાઈ ગયું છે. સાથે જ સ્થિતિ વિકટ ન બની હોવાથી લોકોનું સ્થળાંતર પણ અટકાવી દેવામાં આવ્યું છે. સવારથી લોકો કામ ધંધે પણ નીકળી ગયા છે. ઘરવખરીના પલળી ગયેલા સામાન પણ સુકવવામાં આવી રહયા છે. આજે પાણી ઉતરતા પાલિકાની ટીમ દ્વારા તાત્કાલિક સફાઈ હાથ ધરવામાં આવી હતી.સમગ્ર સુરત શહેરમાં વરસાદ ઓછો થતાં જે વિસ્તારોમાં પાણી ઉતરવા લાગ્યા છે ત્યાં સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગની ટીમ પૂર જોશમાં સફાઈ કાર્ય હાથ ધરવામાં આવ્યું છે તેમજ મેડિકલ ટીમ દ્વારા રોગચાળો ન ફેલાય તે માટે સઘન સર્વિલન્સ ની ટીમ કાર્યરત કરવામાં આવી રહી છે.રાંદેર ઝોનમાં આરોગ્ય વિભાગ દ્વારા પાલનપુર હળપતિ વાસ, અવધપુરી સોસાયટી સહિતના વિસ્તારમાં પાણી ઉતરતા મેયર દક્ષેશભાઈ માવાણી, ડે.મેયરડો. નરેન્દ્ર ભાઈ પાટીલ, સ્થાય સમિતિની અધ્યક્ષ રાજનભાઈ પટેલ, તેમજ ઝોનના ઉચ્ચ અધિકારીઓ સાથે સ્થળ મુલાકાત લઈ આરોગ્ય વિભાગની કામગીરીનું નિરીક્ષણ કર્યુંઆ અંગે મેયર દક્ષેશ માવાણીએ જણાવ્યું હતું કે, આજે વહેલી સવારથી જ તમામ ઝોનમાં આરોગ્ય વિભાગની ટીમ કામે લાગી ગઈ છે. પાણી જેટલા વિસ્તારમાં ઓસરી રહયા છે. તે વિસ્તારોમાં તાત્કાલિક અસરથી સફાઈ અભિયાન શરૂ કરી દેવામાં આવ્યું છે. કોઈપણ પ્રકારનો રોગચાળો ન ફેલાય અને શહેર ફરીથી જેવું સ્વચ્છ હતું તેવું જ રહે તેના માટે સતત કામગીરી કરવાની દિશામાં નિર્ણય લેવામાં આવી રહયા છે. મોટાભાગના વિસ્તારોમાંથી પાણી ઓસરી ગયા બાદ કામગીરી શરૂ કરી દેવાઈ છે અને જે વિસ્તારમાં હજી પણ પાણી ભરાયા છે ત્યાં પણ ઝડપથી પાણીના નિકાલ માટેની સૂચના આપી દેવામાં આવી છે. ત્યારબાદ આરોગ્ય વિભાગની ટીમ આખા વિસ્તારને સ્વચ્છ કરવા માટે ખડેપગે ઊભી છે.

# ખાડીપુર ઓસરતાં કાદવ ગંદકીનું સામ્રાજય જોવા મળ્યું

## સરથાણા પોલીસ સ્ટેશનમાં કાદવનો ખડકલો

(જનાદેશ પ્રતિનિધિ, સુરત : સુરતમાં વરસાદે વિરામ લેતા ખાડી વિસ્તારમાંથી પુરના પાણી ઓસર્યા હતા.પરંતુ ખાડી પુર બાદ ગંદકી નું સામ્રાજ્ય જોવા મળ્યું હતુ.ખાસ કરીને સરથાણા પોલીસ મથકમાં કાદવનો ભરાવો જોવા મળ્યો હતો.કાદવ અને ગંદકી વચ્ચે પોલીસ જવાનો કામ કરવા મજબુર બન્યા હતા.પાણી ઉતરતાની સાથે સાફ સફાઇ માટે પોલીસ કર્મીઓએ જરૂરી કાગળો સહિતની ચીજ વસ્તુઓ ખુરશી પર મુકી કામગીરી શરૂ કરી હતી. સુરતમાં ચાર દિવસ વરસેલા અનરાધાર વરસાદમાં ખાડીઓ કાંઠા ઓળંગીને ઓવરફ્લો થઈ હતી. ખાસ કરીને સીમાડા ખાડીના પાણી નીચાણવાળા વિસ્તારમાં ફરી વળ્યા હતા. જેથી ખાડીના ગંદા પાણી સરથાણા પોલીસ સ્ટેશનમાં પણ ભરાઈ ગયા હતા. આજે વરસાદે વિરામ લેતા પોલીસ સ્ટેશનમાં કામકાજ શરૂ થયું હતું.સીમાડા ખાડીના પાણીમાં ડૂબેલા સરથાણા પોલીસ સ્ટેશનમાંથી આજે પાણી ઓસર્યા હતા. જેના કારણે ખાડીના ગંદા અને કાદવયુક્ત પાણી વચ્ચે સાફ સફાઈની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ સાથે જ પોલીસ કર્મચારીઓએ જરૂરી કાગળ સહિતની ચીજ વસ્તુઓ ખુરશી પર મૂકીને કામકાજ શરૂ કર્યો હતો.સરથાણા પોલીસ સ્ટેશનમાં કાદવ ભરાઈ ગયો હતો. આ પોલીસ સ્ટેશન ભાડાની જગ્યા પર ટેમ્પરરી સ્ટ્રક્ચર સાથે ચાલી રહયુ છે. ત્યારે કાયમી નોકરી કરતા પોલીસ કર્મચારીઓને ગંદકી અને કાદવ વચ્ચે પણ કામ કરવાની ફરજ પડી હતી. આજે પાણી ઉતરતા પાલિકાની ટીમ દ્વારા તાત્કાલિક સફાઈ હાથ ધરવામાં આવી હતી.

# અડાજણમાં ફાટીને ધુમાડે ગયેલાં બુટલેગરોનું સરઘસ કાઢતી પોલીસ

## બુટલેગર વિકાસ, રોહિત પોપટે દંપત્તિ પર હુમલો કર્યો હતો

**જનાદેશ પ્રતિનિધિ, સુરત :** સુરતમાં વરસાદી માહોલ વચ્ચે અસામાજિક તત્વો પણ ફાટીને ધુમાડે ગયા હોય તેવા દ્રશ્યો સામે આવ્યા છે. અડાજણના નુતન રો હાઉસ ખાતે બુટલેગર દ્વારા સ્થાનિકો સાથે મારામારી કરવામાં આવી હતી. સોસાયટીમાં ઘૂસીને સ્થાનિક યુવકને ઢોર મારવામાં આવ્યો હતો. યુવક પર તીક્ષણ હથિયાર સહિત લોખંડના પાઈપ વડે હુમલો કરવામાં આવ્યો હતો. યુવકના બચાવમાં તેની પત્ની આવી ગઈ હતી. જો કે તેને પણ માર મરાયો હતો. હુમલાખોરો દ્વારા યુવકને માર મરાતા રસ્તા પર પડી ગયો હતો. મહિલા હુમલાખોરો સામે ભીખ માંગી રહી હતી. તેમ છતાં હુમલાખોરો માર મારી રહયા હતા. આખરે હુમલાખોરો ધમકી આપીને નાસી ગયા હતા. આ હુમલાખોરોમાં કથિત રીતે વિકાસ અને રોહિત તથા પોપટ નામના બુટલેગરો કોઈની રહેમનજર નીચે હુમલો કર્યો હોવાની ચર્ચા ચાલી રહી છે. હાલ સમગ્ર મામલે અડાજણ પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી હતી.પોલીસે આરોપીઓને પકડી તેમનુ સરઘસ કાઢયુ હતુ.



આજે બુટલેગરોનો અડાજણ પોલીસે વરઘોડો કાઢ્યો હતો આ બુટલેગરોની ગુંડાગીરીને સબક શીખાવવા અને લોકોમાંથી ભય ઓછો કરવા અડાજણ પોલીસ બુટલેગરનું સરઘસ કાઢ્યું હતું. (તસ્વીર - હનીફ મલેક)

# અલથાણ-ભટારના રીલીફ સેન્ટરની મુલાકાત લેતા કમિ. શાલીની અગ્રવાલ

## અસરગ્રસ્ત વિસ્તારોના રાઉન્ડ મારી સાફ-સફાઇનું નિરીક્ષણ કરતા મનપા કમિશનર




**જનાદેશ પ્રતિનિધિ, સુરત :** સુરત શહેરમાં છેલ્લા ચાર દિવસ થી સતત વરસી રહેલ ભારે વરસાદ ના કારણે શહેરના નીચાણવાળા વિસ્તારો તથા ખાડી કિનારા ના વિસ્તારો માં ભરાયેલ પાણી ના કારણે અસરગ્રસ્તો ને નજીક ના રીલીફ સેન્ટર માં રાખવામાં આવેલ છે. આજ રોજ માનનીય કમિશનર શ્રીમતી શાલિની અગ્રવાલે અલથાણ ભટાર કોમ્યુનિટી હોલ ખાતે શરૂ કરવામાં આવેલ રીલિફ સેન્ટર ની મુલાકાત લઈ અસરગ્રસ્તો માટે ફૂડ પેકેટ,પાણી વગેરે સુવિધા બાબતે પૂછ પરછ કરી હતી.વધુ માં નાના બાળકો માટે સુકો નાસ્તો, બિસ્કીટ વગેરે ની વ્યવસ્થા કરવા અને નાના બાળકો ને તેઓના અભ્યાસ બાબતે પૂછપરછ કરી તેઓ ને સ્ટોરી બુક આપવા અધિકારીઓ ને સૂચના આપી હતી. તેમજ અસરગ્રસ્તો ની આરોગ્ય સુવિધા બાબતે ઉપસ્થિત મેડિકલ ટીમ પાસે થી માહિતી મેળવી હતી. લિંબાયત ઝોન વિસ્તારમાં ડુંભાલ ફાયર સ્ટેશન પાસે તથા ઝોન ઓફિસ પાસે ભરાતા પાણીવાળી સાઈટની તથા વ્ન માર્કેટ પાસે આવેલ ખાડી બ્રીજની સ્થળ મુલાકાત લીધી હતી તેમજ ડુંભાલ ફાયર સ્ટેશન પાસે પાણીનો ભરાવો વધુ હોય માનનીય કમિશનર શ્રીમતી શાલિની અગ્રવાલે ડુંભાલ ફાયર સ્ટેશનની ફાયર ક્રેન/ફાયટરમાં બેસી વ્ન માર્કેટ પાસે મીઠીખાડી પરના બ્રીજની મુલાકાત લઈ ખાડીના લેવલ તથા પાણીનું લેવલ ડાઉન થતાં ફરી ખાડીમાં વહેતા પાણી વિશે માહિતી મેળવી નિરીક્ષણ કર્યુ હતું. અને સાઈટ વિઝિટ અંતર્ગત નીચાણવાળા વિસ્તારના ખાડી પુરના અસરગ્રસ્તોને ફૂડ પેકેટની સુવિધાથી વંચિત ન રહી જાય તથા નાના બાળકો-વૃધ્ધો અને મહિલાઓના સ્થળાંતર માટે જરૂર મુજબ વાહનોની વ્યવસ્થા કરવા સુચના આપી હતી.. સરથાણા ઝોન વિસ્તારમાં આવેલ વ્રજભૂમિ ટાઉનશીપ તથા આજુ બાજુના વિસ્તામાં ચાલી રહેલ સાફ સફાઈની કામગીરીનું નિરક્ષણ કરી ટાઉનશીપના રહીશોને મહાનગરપાલિકા ધ્વારા કરવામાં આવેલ કામગીરી બાબત પૂછ પરછ કરી હતી.

# રાંદેર દિવાળીબાગમાં ચોરી કરનાર સિક્યુરિટી ગાર્ડ નીકળતાં ધરપકડ

## રાંદેર પોલીસે સીસીટીવી ફુટેજથી ગુનો ડિટેક કર્યો

**જનાદેશ પ્રતિનિધિ, સુરત :** સુરતમાં વાડ જ ચિભડાં ગળતી હોવાનું સામે આવ્યું હતું.રાંદેર દિવાળીબાગ પાસે ગાર્ડન સોસાયટીમાં રહેતા મિલ માલિકના બંગલામાંથી થયેલી ૧૧.૫૦ લાખની ચોરીમાં બંગલાનો સિક્યુરિટી ગાર્ડ જ ચોર નીકળ્યો છે. વળી પોલીસે ગાર્ડ અને તેના સાગરિતને સોનાના દાગીના સાથે પકડી પાડયા ત્યારે તેની પાસેથી ચોરીનો મુદામાલ કબજે કર્યો છે. રાંદેર દિવાળીબાગ પાસે ગાર્ડન સોસાયટીમાં જીયાઉલ અનિશ કાપડિયા અને તેની પત્ની રાબિયાબસરી રહે છે. જીયાઉલ કારખાનુ ધરાવે છે.તા.૨૨મી ના રોજ રાત્રિના સમયે દંપતિ વેસુ પાન ખાવા ગયા હતા.ત્યારે તસ્કરોએ ઘરમાં સુધી રૂ.૧૧.૫૦ લાખની ચોરી કરી ભાગી ગયા હતા.આ બનાવ અંગે રાબિયાએ રાંદેર પોલીસ મથકમા ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.પોલીસે આજુબાજુના સીસીટીવી કેમેરા ચેક કરતા સિક્યુરિટી ગાર્ડ જ ચોર નિકળ્યો હતો. પોલીસે તેને પકડી પુછપરછ કરતા સિક્યુરિટી ગાર્ડને ખબર હતી કે પાછળથી બંગલામાં ૩ ફુટ બાય ચાર ફુટની બારીમાંથી ઘુસી શકાય છે. આથી ગાર્ડે મિલ માલિક પત્ની સાથે વેસુ પાન ખાવા ગયા ત્યારે ૩૫ લાખના દાગીનાની ચોરીને અંજામ આપી તેના મિત્રને ત્યાં દાગીના સગેવગે કર્યા હતા. રાંદેર પોલીસે નજીકના સીસીટીવી ચેક કરતાં ગાર્ડની મધરાત્રે સોસાયટીમાંથી બહાર જતો હોવાનું દેખાયું હતું. પોલીસે તેની પૂછપરછ કરતાં તેણે ચોરી કર્યાનીકબૂલાત કરી છે.બંગ્લાના માલિકે ગાર્ડને પરિવારના સભ્યની જેમ રાખ્યો હતો. છેલ્લા ૩ વર્ષથી તે નોકરી કરતો હતો અને તેનો ૧૦ હજારનો માસિક પગાર,રહેવાની સગવડ તેમજ ગાડીઓ સાફ કરવાના અલગથી ૩ હજાર અપાતા હતા.રાંદેર પોલીસે ૧૯ વર્ષીય ગાર્ડ અલ્તાફશાહ સાંડુ શાહ ફકીર (મૂળજલગાંવ, મહારાષ્ટ્ર) અને ચોરીના દાગીના વેચાણ કરનાર સિવિલ કોન્ટ્રાકટર ઝકરીયા નુરૂલહક અંસારી ઉ.વ ૩૨ રહે,કોહીનૂર પ્લાઝા,હોડી બંગ્લા)ની ધરપકડ કરી છે